### ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી અને વિવિધ સંસ્થા, કૉલેજોના સંયુક્ત ઉપક્રમે

# ગાંધીનગરમાં રક્તદાતા દિનની ઉત્સાહી ઉજવણી




ઈન્ડિનય રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા રક્તદાતા દિન નિમિત્તે અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે ડૉ. રણછોડ રથવી તથા ઍમ ઍમ સોલંકી દ્વારા, ચૌધરી મહિલા કૉલેજ ખાતે ડૉ. ઍન કે પટેલ દ્વારા, વૈજનાથ મહાદેવ અને પંચદેવ મંદિર ખાતે અશ્વિનભાઈ દવે અને ચાણક્ય સ્કૂલ, સૅક્ટર-૨ સી અને સૅક્ટર-૭ ફિઝીયોથેરાપી ડૉક્ટર્સ યુનિયન સૅન્ટર ખાતે રેડક્રૉસના ડૉ. હાર્દિક તલાટી દ્વારા જન જાગૃતિ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ જ હેતુ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું તથા રક્તદાન અંગે જાગૃતિ અર્થે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ વિધવા બહેનોને જીલુભાના હસ્તે કરિયાણાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### બીઍસઍફ હેડક્વાર્ટર ખાતે

## પૅરા સ્પોર્ટ્સ ટૅલેન્ટ હન્ટ અને રાષ્ટ્રીય તાલીમ શિબિર પૂર્ણ




બીઍસઍફ હેડક્વાર્ટર, ગાંધીનગર ખાતે આદિત્ય મહેતા ફાઉન્ડેશનના સહયોગથી ૪થો દિવ્યાંગ રાષ્ટ્રી પૅરા સ્પોર્ટ્સ ટૅલેન્ટ હન્ટ અને રાષ્ટ્રીય પ્રશિક્ષણ શિબિર ૧૦ જૂનથી યોજવામાં આવ્યો હતો. દેશનાં વિભિન્ન રાજ્યોમાંથી આવેલા ૧૮૨ જેટલા ખેલાડીઓએ આ ઉપક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિબિરનો સમાપન સમારોહ ગુરુવારે યોજવામાં આવ્યો હતો. આપીએસ અજય કુમાર તોમરે આ પ્રસંગે ખેલાડીઓને પ્રેરક સંબોધન કર્યું હતું. વેણુ ભારતી ગૃપ, ગાંધીનગર દ્વારા આ પ્રસંગે રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

### માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરે જ્વલંત પરિણામની પરંપરા જાળવી રાખી

## પ્રથમ વર્ષ ડીઍલઍડનું પરિણામ ૧૦૦ ટકા



**ભાવિશા ગોજિયા**
**રાજ્યમાં નવમો ક્રમાંક**



**શિલ્પા જાંબુચા**
**રાજ્યમાં દસમો ક્રમાંક**

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી ડી.એલ.એડ. (પી.ટી.સી.) પ્રથમ વર્ષનું પરિણામ ગુરુવારે જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યનું બોર્ડનું પરિણામ ૮૨.૬૮% આવ્યું છે. શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજનું પરિણામ ૧૦૦% આવેલ છે. ઈ.સ. ૧૯૫૯માં પૂજ્ય શ્રીમતી ઈન્દુમતીબહેન શેઠ દ્વારા સ્થાપિત શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ એ ગાંધીમૂલ્યોને વરેલી અને કેળવણી ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરતી પ્રશિક્ષણ સંસ્થા છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાની તાલીમાર્થી બહેનોએ રાજ્ય તથા જિલ્લામાં જ્વલંત પરિણામ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. સંસ્થાએ ઉત્તમ પરિણામ સાથે સંસ્થાએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે.

સંસ્થાનાં આચાર્ય સુરેખાબહેન ચૌધરીના માર્ગદર્શન, સમગ્ર સ્ટાફ પરિવારના અથાગ પરિશ્રમ, પ્રશિક્ષણાર્થી બહેનોની સઘન મહેનત અને સંસ્થાનાં નિયામક સ્મિતાબહેન દવે તથા ટ્રસ્ટી મંડળના પ્રોત્સાહનને લીધે શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થઈ શક્યું છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એસ. કે. શાહે સહુને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

## ઍસજી-ઍસવી સ્કૂલમાં બુલેટિન બોર્ડ સુશોભન સ્પર્ધા



એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે બુલેટિન બોર્ડ સુશોભન સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં ધોરણ -૧ જ્યુપીટર, ૨ મર્ક્યુરી, ૩ વિનસ , ૪ અર્થ ,૫ ઈ, ૬ બી, ૭ બી, ૮ બી અને એસ વી પ્રાથમિક શાળાના ધોરણ -૩ ઓકનો પ્રથમ નંબર આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## વિશ્વ સિનિયર સિટીઝન અબ્યુઝ અવેરનેસ ડે નિમિત્તે ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

આજે વિશ્વ સિનિયર સિટીઝન અવેરનેસ ડે નિમિત્તે સાંજે ૫ થી ૬ સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટમાં કાર્યક્રમ યોજાશે. જેમાં વડીલો સાથે આચરવામાં આવતી હેરાનગતિ, પરેશાનીથી રાહત મેળવવા અંગેના અધિકારો, કાયદા અને કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી આપવામાં આવશે. સે-૧૬ આઈ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંકના સહયોગથી યોજાનાર આ સભાને જિલ્લા ન્યાયાલયના લીગલ વોલન્ટીયર જયરામ સોની દ્વારા સંબોધવામાં આવશે. નગરના સુજ્ઞ વડીલોને હાજર રહેવા જણાવાયું છે.

# અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી એકસાથે કઈ રીતે કરવી ?





નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગરની આસપાસના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવાથી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. હું ધોરણ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું.શું ધોરણ ૧૨ પછી સંરક્ષણ ક્ષેત્રે આગળ વધી શકાય? માહિતિ આપશો.**

**- અવધેશ રાણા, ગાંધીનગર**

સૌપ્રથમ આપને અભિનંદન કે આપ આ ઉમર માં જ સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવાનું સપનું સેવી રહ્યા છો.જી જરૂર આપ ધોરણ ૧૨ પછી સંરક્ષણ ક્ષેત્રે આગળ વધી શકો છો.જેના માટે આપે એક પરીક્ષા આપવાની હોય છે જે છે નેશનલ ડિફેન્સ એકેડમી(એન.ડી.એ), તે ભારતીય સશસ્ત્ર દળો માટે સંયુક્ત સેવા એકેડેમી છે. આર્મી, નેવી અને એર ફોર્સ સહિતના ત્રણ સશસ્ત્ર સેવાઓની મૂળભૂત ટ્રેઈનીંગ માં આગળ વધતા પહેલા,



આ એકેડમી માં તાલીમ આપવામાં આવે છે.જેના માટે યુ.પી.એસ.સી દ્વારા લેખિત એટલે કે ઓબ્જેક્ટિવ આધારિત પરીક્ષા લેવામાં આવે છે અને ત્યાર બાદ ફિઝિકલ અને ઈન્ટરવ્યુ ધ્વારા અંતિમ પસંદગી કરવામાં આવે છે.કુલ અંદાજિત ૩૨૦ જેટલા યોગ્ય ઉમેદવારો આ તાલીમ માટે પસંદગી પામે છે.શૈક્ષણિક લાયકાત ની વાત કરીએ તો જો આપ આર્મી માં જવા માંગો છો તો આપે એચ.એસ.સી એટ્લે કે ૧૨ ધોરણ સુધીનો અથવા એને સમકક્ષ અભ્યાસ કરેલો હોવો જોઈએ.અને જો આપ એઈર ફોર્સ અથવા નેવી માં જવા માંગો છો તો આપે ૧૨ મુ ધોરણ ફિઝીક્સ અને ગણિત સાથે પાસ કરેલું હોવું જરૂરી છે.અને આપની ઉમર ૧૬.૫ થી ૧૯.૫ વચ્ચે હોવી આવશ્યક છે.અને આ પરીક્ષા માટે ફક્ત અપરિણીત પુરુષ ઉમેદવાર જ યોગ્ય ઠરે છે.આ પરીક્ષા વર્ષ માં બે વાર અંદાજિત માર્ચ અને નવેમ્બર માં લેવામાં આવે છે.આમ આપ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરો છો અને સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગો છો તો આપ અવશ્ય આ પરીક્ષા માટે ની તૈયારી કરી દેશ ની સેવા માં આપનું યોગદાન આપી શકો છો.

**૨. હું હાલ બી.કોમ.માં અભ્યાસ કરું છું. આગળ બેન્ક અને એસ.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષા આપવી છે. બંને તૈયારી સાથે કરવા માટે ટાઇમ મેનેજમેંટ કેવી રીતે કરવું?**

**- નિશિત પંડયા, ગાંધીનગર**

એ જાણીને ખૂબ આનંદ થાય છે કે આપ બી.કોમ.ના અભ્યાસ સાથે-સાથે બૅન્કિંગ અને એસ.એસ.સી. વિગેરે જેવી



સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માંગો છો. તમારો સવાલ પણ ખૂબ મહત્વનો છે કે બંને સાથે કરવા માટે ટીમે મેનેજમેંટ કેવી રીતે કરવું? અમુક મહત્વના મુદ્દા અમે જણાવવા માંગીશું. પહેલો મુદ્દો કે બી.કોમ.માં સારા માર્કસ લાવી પાસ થવું એ આપની પ્રાથમિકતા હોવી જોઈએ. કેમ? એટલા માટે કે બી.કોમ આપના કરિયરનો આધાર બનશે. એટ્લે બી.કોમ ના ભણતરના ભોગે બીજી પરીક્ષાઓની તૈયારી ના કરવી. બીજો મુદ્દો કે બંને પરીક્ષાઓની તૈયારી સાથે થાય? તેનો જવાબ છે 'હા'! જો સાચી દિશામાં અને નિયમિત રૂપે જો આપ મેહનત કરશો તો આપણે સફળતા જરૂર મળશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઘણી બધી હોય છે. તેટલા માટે સૌ પ્રથમ આપ પોતાનો ધ્યેય નક્કી કરો. બહુજ મહત્વની બાબત એ છે કે તમે 'ગાડરીયા પ્રવાહમાં' ના વહેતા. એટ્લે કે જે બીજા લોકો કરે છે એજ તમારું કરવું એવું જરૂરી નથી. આપ પોતાનો ધ્યેય પોતાની ક્ષમતાઓ અને પસંદગીઓને ધ્યાનમાં રાખીને નક્કી કરો. તદુપરાંત તે ધ્યેય પૂરું કરવા માટે જરૂરી વાંચન કરો. ટાઈમ મેનેજમેંટની વાત કરીએ તો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે જો કોઈ સામન્ય વિદ્યાર્થી દિવસમાં નિયમિતરૂપે ૨-૩ કલાક આપી શકે તો તે સામાન્ય રીતે પર્યાપ્ત હોય છે. બાકીના સમયમાં આપ બી.કોમ.ની કોલેજ અને તેના અભ્યાસને લગતા વાંચનમાં આપી શકો છો. આમ આપને બંને કોર્સને લગતા વિષયોને ધ્યાન આપવામાં કોઈ તકલીફ નહી પડે અને આપ બૅન્કિંગ કે એસ.એસ.સી. કે કોઈ અન્ય પરીક્ષા જેને આપ ટાર્ગેટ કરી રહ્યા છો તેને આપ સરળતા પાસ કરી શકશો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.એસ.સી.માં અભ્યાસ કરુ છુ. એમ.એસ.સી. બાદ કારકિર્દી માટે કયા વિકલ્પ ઉપ્લબ્ધ છે?**

**- કલ્પના રાજગોર, હિંમતનગર**

એમ.એસ.સી એટ્લે કે માસ્ટર ઈન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે.હવે આપ આપનુ એમ.એસ.સી. આપના કોઇ પણ એક મનપસંદ અને આપની રુચિ



મૂજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. વિષયો જેમ કે કેમિસ્ટ્રી, ફિઝિક્સ , મેથેમેટિક્સ ,માઈક્રો બયોલોજી વિગેરેમાં આપ તેમાં વિશેષજ્ઞતા મેળવી શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવવી ક જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી (જોબ). હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિકલ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિકલ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિકલ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ રિસર્ચ (સંશોધન) અથવા તો શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ. પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે. અન્ય એક વિકલ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઈવેટ કક્ષાની જોબ મેળવી શકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિકલ્પ મુજબ આપ કોઈ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં સાયન્ટીફિક આસિસ્ટ્ન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિકલ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજ્યુએટ સ્તરની કોઈ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી નોકરીમાં પણ અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બૅંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેકસન કમિશન) , જી.પી.એસ.સી , યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો. જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કૃષ્ઠ કારદિર્દી બનાવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર : 88492 21653

ફેસબુક: www.facebook.com/questions.careercorner

## જન્મદિને વધામણી



**વિદ્યાબેન ઉમેશભાઈ વ્યાસ**
**મો. ૯૪૨૬૪ ૧૫૭૯૯**



**મહેશ મોડ**
**મો. ૯૮૯૮૮ ૩૨૨૨૨**



**મહેશકુમાર એમ જાની**
**મો. ૯૮૭૯૪ ૮૪૪૫૬**



**શાંતાબેન**
**ત્રિલોકસિંહ રાજપૂત**



**સંજય બી પટણી**
**મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧**



**પ્રતીક**
**પ્રવીણભાઈ પ્રણામી**

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

## ગાંધીજીનો વિનોદ

॥ ૫૭મો મણકો ॥

**૧૪૩ - કઈ જેલ સારી ?**

એક વાર જેલમાં જઈ આવેલા રચનાત્મક કાર્યકરો ગાંધીજીની આસપાસ બેઠા હતા. વિવિધ વિષયોની ચર્ચા ચાલતી હતી. તેમાં બંગાળના સુપ્રસિદ્ધ વિજ્ઞાની અને રચનાત્મક કાર્યકર શ્રી પ્રફુલ્લકુમાર ઘોષે દેશની વિવિધ જેલોની પરિસ્થિતિની ચર્ચા કરી જણાવ્યું કે અમુક જેલની વ્યવસ્થા થોડી ત્રુટિઓ છતાં સૌથી સારી કહેવાય.




ગાંધીજીએ કહ્યું, ના, ના. યરવડા જેલ જ સૌથી સારી છે.

પ્રફુલ્લકુમારે પૂછ્યું, તેની શી વિશેષતા ?

તરત જ ગાંધીજી બોલ્યા, કેમ કે હું ત્યાં હતો.

આખો ઓરડો હાસ્યથી ગૂંજી ઊઠ્યો.

**૧૪૪ - કાળાં કાપડનાં ફૂલો**

કરાંચી કોંગ્રેસ પહેલાં વીર ભગતસિંહ અને તેના સાથીઓને બ્રિટિશ સરકારે ફાંસીએ ચડાવ્યા હતા. ગાંધીજીએ તેમની જિંદગી બચાવવા બધા જ પ્રયત્નો કર્યા હતા. પણ તેમને સફળતા મળી નહોતી. તેથી યુવાનો ઉશ્કેરાયા હતા.

જ્યારે કોંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવા ગાંધીજી કરાંચી પહોંચ્યા. ત્યારે યુવાનોએ તેમને કાળા વાવટા બતાવ્યા હતા અને 'ગાંધી પાછો જા' એવાં સૂત્રો પણ ઉચ્ચાર્યાં હતાં.

ગાંધીજી શાંત હતા. યુવાનોને સંબોધન કરતાં તેમણે કહ્યું,

તમે બધા ગુસ્સામાં છો. પણ મારા પ્રત્યેની તમારી ગૌરવભરી છે. તમે માત્ર કાળાં કાપડનાં ફૂલો જ મને ધર્યાં છે. હું મારાથી થઈ શકે તે બધી જ સેવા તમારા માટે કરી રહ્યો છું. તમે શાંત અને બહાદુર થતાં શીખો. કાયરતા બતાવશો નહીં. બીજા પ્રત્યે દ્વેષ રાખ્યા વિના ફાંસીના માંચડે ચઢી જવા જેવી વીરતા મને ખપે.

તેમની રમૂજ ભરેલી સલાહથી યુવાનો શાંત થયા.


**૧૪૫ - મોટા શરીરને મોટો ચમચો**

જાણીતા પત્રકાર શ્રી લૂઈ ફિશર ગાંધીજીને મળવા આવ્યા ત્યારે તેમનો ભોજનનો સમય હતો. ફિશરનું શરીર સ્થૂળ હતું. ગાંધીજીએ તેમને જમવાનું કહ્યું. ફિશરે હા પાડી. ભોજનની વ્યવસ્થા થઈ ગઈ. થાળીમાં નાના ચમચાની જગ્યાએ મોટો ચમચો રખાવ્યો હતો.

મોટો ચમચો જોઈ ફિશરને આશ્ચર્ય થયું. ચમચો હાથમાં લઈ તેમણે ગાંધીજી તરફ પ્રશ્નાર્થ કરતા હોય તેમ જોયું !

ગાંધીજીએ સ્પષ્ટીકરણ કર્યું કે, 'અરે ભાઈ, તમારું શરીર જોતાં આ ચમચાથી જમવામાં વધુ સરળતા રહેશે.'

ફિશરનું આશ્ચર્ય સ્મિતમાં પલટાઈ ગયું.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર